## જન્મદિને વધામણી



**અર્જુનસિંહ પી વાઘેલા**
પ્રમુખ, ગાંધીનગર જિલ્લા
શાળા સંચાલક મંડળ



**ઈન્દ્રવદન સી પંડ્યા**
પૂર્વ પ્રમુખ, ગાંધીનગર જિલ્લા
આચાર્ય સંઘ



**નરેશ આર શાહ**
ટ્રસ્ટી, પ્રેરણા વિદ્યાલય
મો. ૯૮૨૫૨ ૯૮૮૨૮



**ચાર્મી સોલંકી**

# વિશિષ્ટ ખેલ મહાકુંભમાં ખેલવીરો ખીલી ઊઠ્યા



માનસિક વિશિષ્ટ અને પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓ માટે ગાંધીનગર જિલ્લા કક્ષાના વિશિષ્ટ ખેલ મહાકુંભનું આયોજન રવિવારે અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉલેજ પરિસર, સૅક્ટર-૭ ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ખેલવીરો દોડ, તેજ ચાલ, ચૅસ, ડિસ્ક થ્રો, ગોળા ફૅંક, ભાલા ફેંક, બોચી જેવી રમતો રમતાં-રમતાં ખીલી ઊઠ્યા હતા. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંચાલિત અને ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી તથા ગ્રો ફાઉન્ડેશન, ગાંધીનગર આયોજિત આ વિશિષ્ટ રમતોત્સવમાં ગાંધીનગર જિલ્લાના ૪૦૦થી વધુ માનસિક વિશિષ્ટ અને ૨૦૦ જેટલા પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અનેક ખેલવીરોના વાલીઓ તો અનેકના પ્રશિક્ષકોએ આ પ્રસંગે તેમની સાથે ઉપસ્થિત રહી તેમનો ઉત્સાહ વધારવામાં સક્રિય ભૂમિકા ભજવી હતી. માનસિક વિશિષ્ટ શિક્ષક જિજ્ઞેશ રાવલ, ગ્રો ફાઉન્ડેશન, ગાંધીનગરના સફળ આયોજનને ગાંધીનગર જિલ્લાના વિશિષ્ટ શિક્ષકો અને ચૌધરી હોસ્ટેલની વિદ્યાર્થીનીઓની સક્રિય સહાયે સોનામાં સુગંધ આપી હતી. **(તસવીરો : કુંતલ નિમાવત - કમલેશ શાહ)**

## ફિલીપીન્સ ડિઝાસ્ટર ઓથોરીટી દ્વારા ગુજરાત વિદ્યાપીઠના રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકોને બિરદાવવામાં આવ્યા



ગાંધીનગર, તા. ૭

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય, સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના કુલ ૪૩ સ્વયં સેવકોને એક દળ નેપાળ ભૂકંપ વખતે ૨૦ દિવસ સુધી નેપાળના લલિત પૂર જીલ્લાના લુભુ ગામમાં ભૂકંપ રાહત કામગીરી બદલ ફિલીપીન્સ ડિઝાસ્ટર ઓથોરીટી દ્વારા વિરદાવામાં આવ્યા હતા. સ્વયં સેવકોને પ્રશસ્તિ પત્ર, બેઝેસ અને મોમેન્ટો આપવામાં આવ્યો હતો. કાર્યક્રમના સુત્રધાર હિતેશ પટેલે જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકોએ રોજ ૮ થી ૧૦ કલાક સુધી ભૂકંપમાં ક્ષતિ ગ્રસ્ત મકાનોની અંદર રહેલ ફર્નીચર અને જરૂરી વસ્તુઓ બહાર કાઢવાનું કાર્ય પછી મકાનને પાડવાનું કાર્ય, મકાનના મલબા સાફ કરી ઈંટો ગોઠવવાની કામગીરી કરી હતી. સંપૂર્ણ ભૂકંપ રાહત કાર્ય દરમ્યાન અંદાજે એક લાખ ઈંટો બચાવી ગરીબોની મદદ કરી હતી. એક ઈંટની કિંમત લગભગ ૧૮ નેપાળી રૂપયા હોવાથી લગભગ ૧૮ લાખ રૂપયાની ઈંટો બચાવવાની મોટી કામગીરી આ સ્વયં સેવકોએ કરી હતી. આ અવિશ્વસનીય અને અભૂતપૂર્વ કામગીરીના પ્રેરણા સ્ત્રોત અને માર્ગદર્શક તરીકે ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ. રાજેન્દ્ર ખીમાણી અને કુલનાયક ડૉ. અનામિક શાહ રહ્યા હતા અને સ્વયંસેવકોને તેમની કામગીરી બદલ ત્યાંના વિવિધ સરકારી અને ગેર સરકારી સંઘઠનો પ્રસંશા પત્ર પણ આપ્યું હતું. આ નેપાળ ભૂકંપ દળમાં ગૂજરાત વિદ્યાપીઠના સેવક તરીકે ડૉ. નીરજ સિલાવટ, ડૉ. પ્રતિક ભાઈ શિલ્પકાર, ડૉ. અરવિંદ ભાઈ રામી, શ્રી મનોજ ભાઈ પ્રજાપતિ , શ્રી અલ્પેશ ભાઈ પટેલ અને લલિતભાઈ ગામિત જોડાયા હતા સંસ્થાના સંયોજક પ્રો. જમનાદાસ સાવલિયાએ પણ આ કામગીરીની ખુબ જ પ્રશંસા કરી હતી

## ગ્લોબલ વૉર્મિંગ વિશે લોકજાગૃતિ કેળવવાની જરૂર

ગાંધીનગર, તા. ૭

રાજયના શિક્ષણ પ્રધાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગ્લોબલ વોર્મિંગને કારણે વિશ્વના પર્યાવરણ સામે ગંભીર જોખમ સર્જાયું હોવાનું જણાવીને ઉચ્ચ શિક્ષણ અને સંશોધન સંસ્થાઓને તે અંગે લોકજાગૃતિ કેળવવા અનુરોધ કર્યો હતો.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડની તાજેતરમાં આયોજિત વાર્ષિક સામાન્ય સભામાં ઉપસ્થિત રાજ્યની યુનિવર્સિટીઝના કુલપતિઓ, શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તથા પ્રકાશન ક્ષેત્રના અગ્રણીઓને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે ગ્લોબલ વોર્મિંગને કારણે કેવો ભય સર્જાયો છે તેની સામાન્ય લોકોને જાણ થાય એ માટે લોગભોગ્ય શૈલીમાં નાની-નાની પુસ્તિકાઓ તૈયાર કરવાની જરૂર છે.

આ ઉપરાંત, ખેતીમાં રાસાયણિક ખાતરોના બદલે ઓર્ગેનિક ફાર્મિંગનો પ્રચાર વધે એ માટે રાસાયણિક ખાતરોનાં ભયસ્થાનો તથા ઓર્ગેનિક ખેતીના લાભો અંગે લોકોમાં સભાનતા કેળવવાની જરૂર છે. આ અંગેની સભાનતા નાનપણથી જ આવે એ માટે શાળા કક્ષાનાં પાઠ્યપુસ્તકોમાં ગ્લોબલ વૉર્મિંગ અને ઑર્ગેનિક ખેતી જેવા વિષયો અંગે પ્રકરણનો સમાવેશ થાય એ જરૂરી છે, એવું તેમણે વધુમાં ઉમેર્યું હતું.




સેક્ટર-૨૨ સ્થિત શ્રી સ્વામિનારાયણ શિશુવિદ્યાલય ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના ઉપક્રમે એક કાનૂની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં બાળકોના અધિકારોનું રક્ષણ, બાળકોની સંભાળ શિક્ષણનો અધિકાર સહિતની વિસ્તૃત માહિતીની સમજણ આપવામાં આવી હતી. આ પ્રસંગે મહેમાન પદે જિલ્લાના એડીશનલ ડિસ્ટ્રીક્ટ સેશન્સ જજ બી.ડી. પટેલ, પેરા લીગલ વોલન્ટર્સ સુધીરભાઈ દેસાઈ, જયરામભાઈ સોની, સીતારામભાઈ પટેલ, વિમળાબેન, નટુભાઈ પટેલ, ભરતભાઈ પ્રજાપતિ, નરેન્દ્રસિંહ, દિનેશભાઈ તેમજ શાળાના આચાર્ય ચીનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઘાયલ વન્સ અગેઇન
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
સનમ તેરી કસમ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
ઍરલિફ્ટ
૧.૦૦

**સ્ક્રીન-૪**
સનમ તેરી કસમ
૧૦.૦૦
મસ્તીઝાદે (એ)
૧.૧૫, ૪.૩૦, ૧૦.૦૦
સાલા ખડૂસ
૭.૩૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧૦.૦૦
સનમ તેરી કસમ
૧૨.૪૫

# મારી મા મારા માટે પારસમણિ સમાન

## મને મારી માની સેવા કરવાની તક મળી છે એ બાબતને હું મારું સદ્ભાગ્ય સમજું છું

## ‘તું નહીં જમે તો હું પણ નહીં જમું’ એની આ મમતાભરી ચિમકી મને કાયમ મનાવી લેતી

**સંવેદના — મારી મા**



એક નહીં, બે નહીં, ચાર નહીં, સાત બાળકો પોતાનાં અને એક બાળક ઓરમાન માનું ઉછેરવાની જવાબદારીથી જીવનનૌકામાં આવેલાં તમામ તોફાનો સહન કરવાની ને છતાંય પતિની ગેરહાજરીમાં મર્યાદાનાં બંધનોમાં રહી બખૂબી જીવન જીવી બધાને ધીરે ધીરે કેવી રીતે ગોઠવવા એનું ગણતરીપૂર્વકનું આયોજન એટલે મારી મા.

મારી માના મતે જીવનના ઉછેરની જવાબદારી એ જ એનું જીવન, જેનું મૂલ્યાંકન કરવું અશક્ય છે. પોતે અશિક્ષિત હોવા છતાં એણે અમારા માટે સો શિક્ષકની ગરજ સારી છે. પોતાનાં સઘળાં બાળકોને જીવનના સફળ મુકામ સુધી પહોંચાડ્યા એ માની આંતરસૂઝનું પરિણામ છે.

દુખમાં સાથે રાખી સંસારરૂપી નૌકાનો નિરાંતે વિહાર કરવો એ જ મારી મા. આજે ૯૨ વર્ષની વયે પણ જે પોતાની એકેય ફરજ ચૂકતી નથી એ મારી મા.

**- ડો. શંકરસિંહ આર રાણા**
પ્રિન્સિપાલ કૉમર્સ કૉલેજ, કલોલ
ચૅરમૅન, મધુર ડેરી, ગાંધીનગર

મારી મા એક ગરીબ પરિવારમાં ઉછરી હીત. અમે ચાર ભાઈઓ અને બે બહેનો. મારા પિતા એક ગરીબ ખેડૂત. મારી માને આજથી ૫૫ વર્ષ પહેલાં સ્કીત્ઝોફેનિયા નામનો ભયંકર રોગ હતો છતાં મારા પિતાએ હિંમત હાર્યા વિના મારી માને પૂરતી સારવાર અપાવીને સ્વસ્થ કરી એક સામાન્ય માણસની જેમ જીવતી કરી હતી.

એક સમય એવો હતો કે ઘરમાં ૫૦૦ ગ્રામ તેલ પણ તહેવારના દિવસે ના હોય છતાં, માએ પેટે પાટા બાંધી અમને બંને ભાઈઓને ડૉક્ટર બન્યા ત્યાં સુધી ભણાવેલા. એમાંય મારા મોટા ભાઈ જયંતિભાઈ તો લોદરા ગામમાં ઍમબીબીઍસ કરનાર પ્રથમ વિદ્યાર્થી બન્યા હતા. હું પણ છેલ્લાં ૨૭ વર્ષથી વાવોલ ગામમાં મારી માના નામે ‘જોઈતીબા ડિસ્પેન્સરી’ ચલાવું છું.

મા મને હંમેશાં કહેતી, ‘તું દિવસ-રાત દોડાદોડી કેમ કરે છે ? જરાક તો શાંતિથી બેસ.’

આ શબ્દો મને મા સિવાય અન્ય કોઈએ કહ્યા નથી. મને મારી માની સેવા કરવાની તક મળી છે એને હું મારું સદ્ભાગ્ય સમજું છું ને એના પ્રતાપે એક સુખી પરિવાર - પત્ની, પુત્ર, પુત્રી પણ મળ્યાં છે એવું મારું દૃઢપણે માનવું છે.

**- ડો. રાજેન્દ્રભાઈ એન પટેલ**
વાવોલ

માના સ્નેહની તુલના ન થઈ શકે એ મેં અનુભવ્યું છે.

ધરતી માતા સુગંધ-દુર્ગંધને આવકારી પોતાની ગોદમાં સમાવે છે તેવી જ રીતે અમારી માએ પણ અમ તમામ સંતાનોને સરખો સ્નેહ આપી ઉછેર્યા છે. સ્ત્રીનાં સૌ સ્વરૂપો પૈકી મને સૌથી પ્યારું લાગ્યું છે માનું બાળક પ્રત્યેનું વાત્સલ્ય અને મને તે સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે.

મારી મા મણિબેન. અમારા માટે તે પારસમણિ સમાન હતી, તેનો સંસ્પર્શ હજી અનુભવાય છે.

**- મૌલિક શંકરભાઈ બોરીજા**
બોરીજ



કરાંચીમાં જાહોજલાલીમાં મારી મા ઉછરી. બાળવયે માતૃછાયા ગુમાવી, ૧૨ વર્ષની વયે લગ્ન થયાં. શ્વસુર ગૃહ પણ સાસુ વિહોણું હતું. પિતાશ્રી જ્યેષ્ટ પુત્ર હતા, ઘરની સઘળી જવાબદારી એમના શિરે. મારાં માતુશ્રી બધાં જ કૌટુંબિક કાર્યોમાં પિતાશ્રીની સહભાગી બનીને સન્નારીને છાજે એવું જીવન જીવી.

મારે જન્મ કરાંચીમાં. બે માસમાં જ કરાંચી છોડીને, નોકરી ગુમાવીને ભારત આવવાની ફરજ પડી. પિતાશ્રીને નોકરી મેળવવા ખૂબ ઝઝૂમવું પડ્યું હતું, એક ટંક ખાવાના પણ સાંસા હતા. એ સંજોગોમાં પણ મારી મા સતત હિંમતથી ઘરસંસાર ચલાવતી રહી અને અમને સૌને હિંમત આપતી રહી. ઘરને ટેકો કરવા મા પણ નાનું-મોટું કામ કરવા લાગી, કોઈ કામને એ નાનું ન સમજતી. લોકોનાં ઘેર કામ કરવાય એ જતી. અમને ભણાવવામાં એણે જરાય કચાશ રાખી નહીં અને દાદાએ સંન્યાસ લીધો પછી આશ્રમમાં સેવા કરવાનો મોકો મા સામે ચાલીને લેતી. સાજે-માંદે કુટુંબના સભ્યોની સેવા કરવી એ જ એનો ધર્મ હતો. ભાંડુઓને ભણવામાં પ્રોત્સાહિત કરતી, આંગણે એવે તેને હસતે મુખે આવકારતી અને અન્યના દુખમાં ભાગીદાર થતી, પણ પોતાના દુખ કોઈને જણાવતી નહીં એ મારી મા.

મારી મા મમતા, પ્યાર અને વાત્સલ્યની મૂર્તિ હતી અને એક સંસ્કારનું સર્જન કરનાર યુનિવર્સિટી હતી. ‘માતા એ જ ખરેખર નર ને નારી રત્નોનું સર્જન કરનાર ફૅક્ટરી છે’ એ મારી માએ સાર્થક કરી બતાવ્યું છે. મારા જીવન ઘડતરમાં મારી માનો સિંહફાળો છે. હું આજે જે છું તેનો યશ મારી માને આભારી છે. મારી મા એટલે મારી મા !

**- કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટ**
સૅક્ટર-૮

મેં મારી માના સ્વરૂપમાં સાક્ષાત દેવી જગદંબાના પ્રેમ, હૂંફ અને ત્યાગનો અનુભવ કર્યો છે. એ મારી મા છે એ વાતથી મેં હંમેશા ધન્યતા અનુભવી છે. નાનપણમાં હું ખૂબ તોફાની અને તોફાન કરી પિતાજી કે મોટાભાઈઓના હાથે માર ખાવાનો વારો આવે ત્યારે મારાં મા મને બચાવવા ઢાલ બનીને ઊભી રહેતાં. પાંચેય ભાઈઓમાં હું એને સૌથી વધુ દુલારો એવું મેં હંમેશા માન્યું છે.

હું પ્રાથમિક શાળામાં ભણતો ત્યારની સ્મૃતિ મારા હૃદયમાં છે કે માએ મને ક્યારેય ભૂખ્યો શાળાએ જવા દીધો નથી. ગાય-ભેંસ દોહીને, તાજું દૂધ અને રોટલો ખવરાવીને એ મને સ્કૂલે મોકલતાં. પાંચેય ભાઈઓ અલગ અલગ સમયે શાળાએ જતા, પણ મા સૌને સમય સાચવી લેતાં. હું ખૂબ તોફાની ને ખૂબ માર ખાતો, તો મા મને દૂધપાક, ચૂરમાના લાડુ, લાપસી જેવી મીઠાઈઓ ખવડાવી મારા મારનો બદલો મીઠાઈથી વાળી આપતાં. ક્યારેક મારથી રિસાઈને હું વાળુ કર્યા વિના સૂઈ જાઉં તો સૌ સૂઈ જાય પછી મા દૂધપાક બનાવીને મને ખવરાવતાં અને પછી પોતે જમતાં. ‘તું નહીં જમે તો હું પણ નહીં જમું’ એની આ મમતાભરી ચિમકી મને કાયમ મનાવી લેતી. આજેય વતનમાં જાઉં છું તો માના હાથની રસોઈ ચાવથી ખાઉં છું. મારી મા સામે હું હંમેશાં નાનો બાળક હતો અને નાનો બાળક જ બની રહેવા માગુ છું.

**- કનકસિંહ પરમાર**
સૅક્ટર-૮



મારી બાની યાદ આવતાં જ અંતરના તાર રણઝણી ઊઠે છે. એના વિશે લખવું એટલે હૃદયને હથેળીમાં મૂકીને ધબકાર સંભળાવવા.

મારી બાનું શરીર ખડતલ હતું અને મન મજબૂત હતું. આખો દિવસ કંઈક ને કંઈક કામ કર્યા જ કરતી હોય. ઘંટીના પડ પર ઝૂકીને, એક પગ લંબાવીને દળણું દળતી, ખાંડણીમાં ડાંગર ખેડતી, પાણીથી ભરેલું તાંબાનું ચમકતું બેડું માથે મૂકીને મહીસાગર નદીનો ઢાળ ચઢીને ઘેર આવતી, ચોમાસામાં વરસાદનું પાણી ઝીલવા માટલાં નેવા તળે ગોઠવતી, વરસાદથી ભીંજાતી, દિવાળી ટાણે છાણ-માટીથી આંગણું લીંપતી અને બીજના ચાંદ જેવી આંકળીઓ પાડતી, સાલ્લો ફાટ્યો હોય તો સાંધી સાંધીને પહેરતી તેમજ એની સાડીથી મારા શેડા લૂછતી, હીંચકે બેસીને માળા કરતી, જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં પ્રિયમંત્ર નોટબૂકમાં લખ્યા કરતી બાને કેમ વિસરી શકું ?

ના તો સિનેમા, નાટક જોવું કે ના તો હરવું ફરવું, એના માટે તો એ ભલી ને એનું ઘર ભલું. કોઈની નિંદા, કૂથલીમાંય ન જોડાય. કોઈએ આપણને ત્રાસ કે દુખ આપ્યું હોય તોય આપણે આપણી સંસ્કારિતા ગુમાવવી નહીં એવા પાઠ શીખવતી બા ! કુટુંબની આર્થિક સ્થિતિ નબળી હોવાથી કરકસર કરી ઉજળે મોઢે ઘર ચલાવ્યું હતું. જીવનભર પરિશ્રમ વેઠીને મારા જીવનનું ઘડતર કર્યું. સિંચેલા સંસ્કારોએ મને ઉજળો બનાવ્યો, માએ વાત્સલ્યપૂર્ણ છાયામાં મને ઉછેર્યો અને વિકસાવ્યો.

મારી બાએ પોતાની આખી જિંદગી સંતાનોના સુખ-સગવડ સાચવવા પાછળ ઘસીને ખર્ચી નાખી. મને બાળપણમાં રડવું આવતું ત્યારે બા યાદ આવતી, આજે બા યાદ આવે છે ને રડવું આવે છે.

દીવાલી ઈઝ લાઈટફૂલ
ઉત્તરાયન ઈઝ જોયફૂલ
હોલી ઈઝ કલરફૂલ
નવરાત્રી ઈઝ પ્લેફૂલ
બટ માય મધર ઈઝ વન્ડરફૂલ !

**- જયેન્દ્ર એન પાઠક**
ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કૉલેજ

### ઓ મારી મા

ઓ મારી મા, ઓ મારી મા,
મારે ઘરે આવવા કાજે
મારી આગળ થા
હા કર હા, ના કર ના,
મારે ઘરે આવવા કાજે
મારી આગળ થા...
તેં તો મને જનમ દઈને,
પારણીયે ઝુલાવ્યો
ભીનામાં સૂઈ જઈને તેં તો,
સૂકામાં સૂવાડ્યો
બાળપણ મને સાંભળે,
હમણાં લોરી ગા,
મારે ઘરે આવવા કાજે
મારી આગળ થા...
હું છું તારો રામૈયો
ને તું કૌશલ્યા મૈયા
ખોળામાં બેસવા દે
અહીંથી તું ન જા
મારે ઘરે આવવા કાજે
મારી આગળ થા...
તું તો ખુદ ભૂખી રહીને
ખાણુંય ખવડાવતી
તું તો ખુદ તરસી રહીને
પાણીય પીવડાવતી
હવે તો હું કહું છું કે
મારે હાથે પી ને ખા
મારે ઘરે આવવા કાજે
મારી આગળ થા...

**- કવિ મુલાંકી**
સૅક્ટર-૫